# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/389 Dt. 07/04/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ગિનીઝ બુક ઓફ રેકોર્ડ્સ માટે ભવ્ય સાંસ્કૃતિક મહાયજ્ઞનું આયોજન

## ૨૪ કલાકમાં ૧,૦૦૦થી વધુ કલાકારોની પ્રસ્તુતિનો મહત્વાકાંક્ષી પ્રયાસ, તૈયારી માટે તા. ૮ એપ્રિલના રોજ રાત્રે ૮:૩૦ કલાકે નાનપુરા સ્થિત સમૃદ્ધિ ખાતે અગત્યની બેઠક

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સુરત શહેરને વૈશ્વિક પટલ પર આગવી ઓળખ અપાવવાના હેતુસર એક અનોખું અને ભવ્ય સાંસ્કૃતિક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મે મહિનાના અંતિમ અઠવાડિયામાં ગિનીઝ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવવા માટે ૨૪ કલાક દરમિયાન ૧,૦૦૦થી પણ વધુ કલાકારો દ્વારા વિવિધ કળાઓની પ્રસ્તુતિ કરવાનો મહત્વાકાંક્ષી પ્રયાસ કરવામાં આવશે.

આ આયોજનને સફળ બનાવવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પૂર્વ તૈયારીના ભાગરૂપે એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક બુધવાર, તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે 'સમૃદ્ધિ', નાનપુરા, સુરત ખાતે યોજાશે. બેઠક દરમિયાન કાર્યક્રમની રૂપરેખા, આયોજન, કલાકારોની ભાગીદારી, સમયપત્રક તેમજ અન્ય જરૂરી બાબતો અંગે વિસ્તૃત ચર્ચા–વિચારણા કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ ભવ્ય સાંસ્કૃતિક મહાયજ્ઞનો મુખ્ય હેતુ સુરત શહેરની સાંસ્કૃતિક વૈવિધ્યતા અને કલાકારોની પ્રતિભાને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરવાનો છે. નાટક, સંગીત, નૃત્ય, સાહિત્ય સહિત વિવિધ કલા ક્ષેત્રોને એક મંચ પર લાવીને શહેરના કલાકારોને વૈશ્વિક ઓળખ આપવાનો ચેમ્બર ઓફ કોમર્સનો આ એક અનોખો પ્રયાસ છે.

આથી સુરતના નાટક, સંગીત, નૃત્ય, સાહિત્ય તેમજ અન્ય તમામ કલા ક્ષેત્ર સાથે સંકળાયેલા કલાકારો, સંસ્થાઓ અને રસિકોને આ અગત્યની બેઠકમાં ઉપસ્થિત રહી પોતાના સૂચનો અને ભાગીદારી દ્વારા આ ઐતિહાસિક આયોજનને સફળ બનાવવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વધુમાં વધુ કલાકારોને ઉપસ્થિત રહી આ મહાયજ્ઞનો હિસ્સો બનવા અપીલ કરવામાં આવી છે.